INDIAN NATIONAL CONGRESS
# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૧૭-૦૨-૨૦૨૬**

- **નલ સે જલ" યોજનાની તટસ્થ તપાસ થાય તો ભાજપના મોટા માથા પકડાશે, કરોડોનું કૌંભાડ : શ્રી અમિત ચાવડા**
- **નલ સે જલ" યોજનામાં કેન્દ્ર સરકારની ગ્રાન્ટ, કરોડોનો ભ્રષ્ટાચાર-સી.બી.આઈ. દ્વારા તપાસ કરવો : શ્રી અમિત ચાવડા**
- **નર્મદા યોજનામાં પડોશી રાજ્યો પાસે લેવાની 8,000 કરોડની રકમ ક્યારે મળશે : શ્રી અમિત ચાવડા**
- **રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશમાં પણ ભાજપની સરકાર, પ્રધાનમંત્રીશ્રી લાલ આંખ દેખાડે, ગુજરાતના હક્કના ૮૦૦૦ કરોડ અપાવે : શ્રી અમિત ચાવડા**
- **વર્ષ 2011થી ગુજરાતના ખડૂતો જમીન રી-સર્વેના ગોટાળા-કૌભાંડથી હેરાન પરેશાન : શ્રી અમિત ચાવડા**
- **ખેડૂતોની જમીન રી-સર્વેની ભૂલો સુધારવા માટેની લાખો પેન્ડીંગ અરજીઓનો વર્ષોથી નિકાલ નથી થતો, તાત્કાલિક નિકાલ કરો : શ્રી અમિત ચાવડા**
- **ભૂલો સુધારવા માટેની મંજુર અરજીઓની પણ ગામ-નકશામાં અસર કેમ નથી આપતા. : શ્રી અમિત ચાવડા**
- **DILR અને SLRની મહેસુલી કચેરીઓમાં મોટા ભ્રષ્ટાચાર, ભૂમાફિયાઓ રી-સર્વેના નામે જમીનો પચાવી પાડે છે. : શ્રી અમિત ચાવડા**

વિધાનસભામાં બજેટ સત્ર માં પ્રશ્ન કાળ દરમિયાન ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખશ્રી અમિત ચાવડા પ્રેસ મીડિયાને સંબોધન કરતા જણાવ્યું હતું કે, ગુજરાત અને કેન્દ્રની બંને સરકારો ખૂબ બણગા ફૂંક્યા ખુબ મોટી મોટી જાહેરાત કરીને ઘરે ઘરે નલથી જલ પહોંચાડ્યું, પરંતુ વાસ્તવિકતા જનાક્રોશ યાત્રા દરમિયાન સમગ્ર ગુજરાતમાં નલ સે જલમાં મોટા પાયે ભ્રષ્ટાચાર જોવા મળ્યો હતો. કમિશન ખોર સરકારના રાજમાં ભાજપના નેતાઓ અને તેમના મળતીયાઓએ નલ સે જલ યોજના બદલે નલ સે ધન યોજના બનાવી દીધી.વિધાનસભામાં મહિસાગર જિલ્લાનો પ્રશ્ન પૂછ્યો તેમાં હકીકતો સામે આવી છે કે, કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર તો ખાલી એક જ જિલ્લામાં પકડાયો છે. તેમા પણ કાર્યવાહી માત્ર નાના એન્જિનિયરો અને કોન્ટ્રાક્ટરો સામે થઈ છે. જ્યારે ભાજપના મળતીયાઓ સામે કાર્યવાહી કરવામાં નથી આવી.નલ સે જલ યોજનાની બરોબર તપાસ થાય તો ગુજરાતનું સૌથી મોટું કૌભાંડ અને સૌથી મોટો ભ્રષ્ટાચાર ખુલ્લો પડે તેમ છે. આ યોજનામાં કેન્દ્ર સરકારના પૈસા છે તેથી કેન્દ્ર સરકાર પાસે માંગણી કરીએ છીએ કે CBI મારફત તપાસ કરાવે અને ગુજરાતમાં આ યોજનામાં ભ્રષ્ટાચાર થયો છે એ બાબતે શ્વેતપત્ર પણ બહાર પાડે.

નર્મદા યોજના ગુજરાત માટે જીવાદોરી સમાન છે. આ યોજનાના પાણીને કારણે અનેક પ્રદેશોની કાયાપલટ થઈ છે. પરંતુ આ યોજનામાં ભાગીદાર રાજ્યો મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને રાજસ્થાન તરફથી મળવાપાત્ર હિસ્સાની રકમ સમયસર ન મળતા વિકાસના બાકી રહેલા કામો અટકી રહ્યા છે. વિધાનસભામાં પૂછાયેલા પ્રશ્નના જવાબમાં 31 જુલાઈના અંતે મધ્યપ્રદેશ પાસેથી રૂ. 5,516 કરોડ, મહારાષ્ટ્ર પાસેથી રૂ. 1,883 કરોડ અને રાજસ્થાન પાસેથી રૂ. 574 કરોડ કુલ મળીને

અંદાજે લગભગ રૂ. 8,000 કરોડ  લેવાના બાકી નીકળે છે. ત્રણેય રાજ્યમાં ડબલ એન્જિન સરકાર હોવા છતાં આટલી મોટી રકમ બાકી રહેવી ચિંતાજનક છે. આ રકમ પાછી મળે તો નર્મદાની બાકી રહેલી કેનાલો, સબ-કેનાલો અને છેવાડાના વિસ્તારો સુધી પાણી પહોંચાડવાના કામોને ગતિ મળી શકે.ગુજરાતની જનતા વતી માંગ છે કે કેન્દ્ર અને રાજ્ય સરકાર તાત્કાલિક હસ્તક્ષેપ કરીને પડોશી રાજ્યો પાસેથી બાકી રકમ વસૂલ કરે, જેથી નર્મદા યોજનાનો સંપૂર્ણ લાભ ગુજરાતને મળી શકે. રાજ્ય સરકારનું તો આજુબાજુના રાજ્યો નથી સાંભળતા, વડા પ્રધાનશ્રી આમાં હસ્તક્ષેપ કરે અને ગુજરાતના પૈસા પાછા અપાવે

ગુજરાતમાં જમીન રી-સર્વેની શરૂઆત વર્ષ 2010-11 દરમિયાન તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ના સમયમાં કરવામાં આવી હતી. આઝાદી પછી પહેલીવાર વ્યાપક પુનઃમાપણી કરાઈ હોવાના દાવા સાથે જામનગર (હાલ દ્વારકા-જામનગર) અને બનાસકાંઠા જિલ્લાઓમાં પાયલોટ પ્રોજેક્ટ હાથ ધરાયો તેવી જાહેરાત કરવામાં આવી હતી. પરંતુ આટલા બધા વર્ષો બાદ પણ ખેડૂતોની ફરિયાદો યથાવત્ છે. ખોટી માપણી, ખોટા નકશા અને મોટા પાયે ફરિયાદો ખેડુતોએ કરી હતી.વિધાનસભાની પ્રશ્નોત્તરીમાં સરકારે સ્વીકારાયું કે લાખો સુધારાની અરજીઓ પેન્ડિંગ છે. બે વર્ષ પહેલાં 5.70 લાખ અરજીઓ બાકી હોવાની કબૂલાત સાથે 100 દિવસમાં નિકાલ કરવાનો વાયદો થયો હતો, છતાં ઘણા જિલ્લાઓમાં મોટાભાગની અરજીઓ આજે પણ બાકી છે. અનેક જગ્યાએ ભાઈ-ભાઈ વચ્ચે ઝઘડા, પાડોશીઓમાં વૈમનસ્ય અને હિંસાની ઘટનાઓ સુધી વાત પહોંચી છે. બે ગામની જમીનોનું રી-સર્વે કરવા માટે લગભગ 28 દિવસનો સમય લાગ્યો હતો. જ્યારે એજન્સીએ ઓફિસમાં બેઠા બેઠા આઠ કલાકમાં રી-સર્વે કર્યું હતો.  એજન્સી દ્વારા જે રી-સર્વે કર્યો છે એ તમામ રી-સર્વે ઓફિસમાં બેસીને ખોટી રીતે કોઈને ફાયદો કરાવવા કે કોઈને નુકસાન કરાવવાના હેતુથી કર્યો છે.ત્યારે રી-સર્વે તાત્કાલિક રદ પણ થવો જોઈએ અને જે પેન્ડીંગ કામનું તાત્કાલિક નિકાલ પણ થવું જોઈએ. ગુજરાતના ખેડૂતો માટે એમની તકલીફોનું નિવારણ માટે રી-સર્વે ની શું સ્થિતિ છે એના માટેનું શ્વેતપત્ર બહાર પાડે એવી માગણી કરીએ છીએ..

હેમાંગ મહીપતરામ રાવલ
મીડિયા કોર્ડિનેટર અને પ્રવક્તા
9898233038